# સવારે પ્રસિદ્ધ થતાં કેટલાંક ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોની શૈક્ષણિક ભૂમિકા

ડૉ. ગિરીશકુમાર પી. રાવલ
એસોસિએટ પ્રોફેસર અને પ્રિન્સીપાલ-ઈન-ચાર્જ,
બી. ડી. શાહ કોલેજ ઓફ એજ્યુકેશન
કોલેજ કેમ્પસ, મોડાસા, જિ.સાબરકાંઠા (ગુજરાત)

**સારાંશ**

*શૈક્ષણિક ટેક્નોલોજીના વર્તમાન સમયમાં વર્તમાનપત્રોનું આગવું મહત્ત્વ ઊભું થયું છે. માહિતીના વિસ્તૃત સ્રોત તરીકેની વિશેષ છાપ વર્તમાનપત્રોએ ઊભી કરી છે.સમૂહ માધ્યમો, પ્રત્યાયન પ્રક્રિયા અને અત્યાધુનિક ટેક્નોલોજીના આવિષ્કારથી ઘરનો ખૂણો વિશ્વનું નાનકડું બજાર બની ચૂકયો છે.ટેક્નોલોજી જેવા પ્રશસ્ય અને અસરકારક ઉપકરણોની વચ્ચે પણ વર્તમાનપત્રો પોતાનો દરજ્જો અને ગરિમા જાળવી રાખ્યો છે જેવી વિદ્યાર્થીઓમાં વાચન અભિમુખતા, વાચન કૌશલ્ય, શબ્દ ભંડોળ, અર્થગ્રહણશક્તિ, જિજ્ઞાસા વૃત્તિ વગેરે જીવન હિતાય વિકાસમય આભૂષણોની દેન વર્તમાનપત્રો થકી છે. સવારે પ્રસિદ્ધ થતા અને મોડાસા શહેરમાં પ્રાપ્ત થતા દૈનિક ગુજરાતી વર્તમાનપત્રો પૈકી પ્રયોજકે ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર, ગાંધીનગર સમાચાર પસંદ કર્યા હતા. આમ, વિવિધ દષ્ટિકોણથી વર્તમાનપત્રો બહુવિધ કૌશલ્યમયી બન્યા હોવાથી અભ્યાસકે વર્તમાનપત્રોની શૈક્ષણિક ભૂમિકાનો અભ્યાસ હાથ ધરવાનું પસંદ કર્યુ છે. પ્રસ્તુત સંશોધનનો પ્રકાર ગુણાત્મક છે. તેથી સંશોધક પોતાના સંશોધન કાર્ય દરમ્યાન અભ્યાસના હેતુ અનુરૂપ માહિતી એકત્ર કરવા માટે ઉપકરણ તરીકે નોંધપત્રકની રચના કરવામાં આવી હતી. સંદેશ, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, ગાંધીનગર સમાચાર તથા તેની પૂર્તિમાં અભ્યાસના એક માસના સમયગાળા દરમ્યાન કુલ ૨૧૮ શિક્ષણ વિષયક લેખો પ્રાપ્ત થયા હતા,જેમાં સંદેશ વર્તમાનપત્ર તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક કુલ ૭૧ લેખો, ગુજરાત સમાચાર વર્તમાનપત્ર તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક કુલ ૪૬ લેખો , દિવ્ય ભાસ્કર વર્તમાનપત્ર તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક કુલ ૫૭ લેખો અને ગાંધીનગર સમાચાર વર્તમાનપત્ર તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક કુલ ૪૪ લેખો પ્રાપ્ત થયા હતા.*

*વર્ગીકરણ માટે લેખોમાંથી તારવવામાં આવેલી બાબતોને વિષયવસ્તુના સંદર્ભમાં શિક્ષણ વિષયક ૧૩ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવી હતી, જે આ મુજબ હતી:૧. શિક્ષણ સ્વરૂપ, ૨. શિક્ષણ ધ્યેયો, ૩. અભ્યાસક્રમ, ૪. શિક્ષણ પદ્ધતિ અને વ્યવસ્થા, ૫. શિક્ષક-વિદ્યાર્થી-વાલી ૬. શાળા-સંસ્થા-સમાજ, ૭. પરીક્ષા, ૮. બાળશિક્ષણ, ૯. શૈક્ષણિક કારકિર્દી અને રોજગાર, ૧૦. વિષય શિક્ષણ ૧૧. અન્ય, ૧૨. શિક્ષણ ઉત્કર્ષ, ૧૩. શિક્ષણ અને ટેક્નોલોજી.ઉપરની બાબતો અંગે તજ્જ્ઞીય અભિપ્રાય લેવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને જીજ્ઞાસાવૃત્તિ સંતોષાય તેવા વિવિધ પ્રકારના શૈક્ષણિક લેખો વર્તમાનપત્રોમાં પ્રગટ કરવા જોઈએ.શિક્ષણના એક સાધન તરીકે વર્તમાનપત્રનો શિક્ષક-વિદ્યાર્થી અને વાલી દ્વારા ઉપયોગ થાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.*

---

**ચાવીરૂપ શબ્દો :** *પ્રસિદ્ધ થવું , દૈનિક, વર્તમાનપત્રોની, વાચન કૌશલ્ય, શબ્દ ભંડોળ*

---

## ૧. પ્રસ્તાવના

*આજનો આધુનિક યુગ માહિતી યુગ, જ્ઞાનનો યુગ અને સ્પર્ધાત્મક યુગ તરીકે પ્રસ્થાપિત થયો છે. તેમાં માહિતીના પ્રચૂર વિસ્ફોટથી એક માહિતી સમાજ વિકસિત થયો છે. શૈક્ષણિક ટેક્નોલોજીના વર્તમાન સમયમાં વર્તમાનપત્રોનું આગવું મહત્ત્વ ઊભું થયું છે. માહિતીના વિસ્તૃત સ્રોત તરીકેની વિશેષ છાપ વર્તમાનપત્રોએ ઊભી કરી છે.સમૂહ માધ્યમો, પ્રત્યાયન પ્રક્રિયા અને અત્યાધુનિક ટેક્નોલોજીના આવિષ્કારથી ઘરનો ખૂણો વિશ્વનું નાનકડું બજાર બની ચૂકયો છે. વર્તમાનપત્રો વિવિધ વિષયને લગતી બાબતો, અલગ-અલગ ઘટનાઓનું સાહિત્ય તેમના રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ફલકને આવરી લઈને નીત-નવીન જીવંતપણુ બક્ષે છે. ગુજરાતના પ્રજાજીવનને ધમરોળતાં વર્તમાનપત્રોમાં આજે ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર, જયહિન્દ, જનસત્તા, ગાંધીનગર સમાચાર, ગુજરાત ટુડે, પ્રભાત, ફૂલછાબ, ન્યૂઝ લાઈન સીધા સમાચાર પ્રમુખ ભૂમિકા છે. વર્તમાનપત્રોએ સમાજમાં જઈ કેળવણીના અનૌપચારિક શિક્ષણને સ્પર્શી લીધુ છે. ટેક્નોલોજી જેવા પ્રશસ્ય અને અસરકારક ઉપકરણોની વચ્ચે પણ*

વર્તમાનપત્રો પોતાનો દરજ્જો અને ગરિમા જાળવી રાખ્યો છે જેવી વિદ્યાર્થીઓમાં વાચન અભિમુખતા, વાચન કૌશલ્ય, શબ્દ ભંડોળ, અર્થગ્રહણશક્તિ, જિજ્ઞાસા વૃત્તિ વગેરે જીવન હિતાય વિકાસમય આભૂષણોની દેન વર્તમાનપત્રો થકી છે.શૈક્ષણિક અને વહીવટીય સ્તરની ઉચ્ચતમ પરીક્ષાઓ IAS, IFS, IPS, GPSC, NET, SLET વગેરેમાં સામાન્ય જ્ઞાનના ખજાના તરીકેનો એક વિચારસ્રોત વર્તમાનપત્રોની ભીતરમાં છે. પરિણામ સ્વરૂપે વર્તમાનપત્રોએ માહિતી સંસ્કૃતિ (Information Culture) નો જન્મ આપ્યો છે. વર્તમાનપત્રો માર્ગદર્શનના વાહક તરીકે દિશાસૂચક-માર્ગદર્શક બન્યા છે જેથી સમાજના જાગતા પ્રહરીનું સન્માન વર્તમાનપત્રોએ પહેલેથી પ્રાપ્ત કરી લીધુ છે. આમ, વિવિધ દૃષ્ટિકોણથી વર્તમાનપત્રો બહુવિધ કૌશલ્યમયી બન્યા હોવાથી અભ્યાસકે વર્તમાનપત્રોની શૈક્ષણિક ભૂમિકાનો અભ્યાસ હાથ ધરવાનું પસંદ કર્યુ છે.

### ૨. સમસ્યાકથન

પ્રયોજકે પોતાના સંશોધનનું શીર્ષક આ પ્રમાણે પસંદ કર્યુ હતું.

**"સવારે પ્રસિદ્ધ થતાં કેટલાંક ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોની શૈક્ષણિક ભૂમિકા "**

સવારે પ્રસિદ્ધ થતા અને મોડાસા શહેરમાં પ્રાપ્ત થતા દૈનિક ગુજરાતી વર્તમાનપત્રો ઘણાં છે. તે પૈકી પ્રયોજકે ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર, ગાંધીનગર સમાચાર પસંદ કર્યા હતા. આ વર્તમાનપત્રો તથા તેની પૂર્તિઓમાં પ્રગટ થતાં શિક્ષણ વિષેના લેખોમાં શિક્ષણની કઈ બાબતોને રજૂ કરે છે. તેમજ આ વર્તમાનપત્રો વચ્ચે શિક્ષણ વિષયક લેખોમાં રજૂ થતી શિક્ષણને લગતી બાબતો પ્રગટ કરવાના સંદર્ભમાં શું તફાવત છે તે તપાસવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલાં શિક્ષણ વિષયક લેખોનો ગુણાત્મક અભ્યાસ કરવામાં આવ્યો હતો.

### ૩. સંશોધનના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ આ પ્રમાણે નિર્ધારિત કર્યા હતા.

૧. સવારે પ્રસિદ્ધ થતાં કેટલાંક દૈનિક ગુજરાતી વર્તમાનપત્રો તથા તેની પૂર્તિમાં પ્રગટ થતા શિક્ષણ વિષયક લેખોમાં આવતી શિક્ષણની બાબતોને તપાસવી.

૨. સવારે પ્રસિદ્ધ થતા કેટલાક દૈનિક ગુજરાતી વર્તમાનપત્રો તથા તેની પૂર્તિમાં પ્રગટ થતા શિક્ષણ વિષયક લેખોના સંદર્ભમાં વર્તમાનપત્રોની તુલના કરવી.

### ૪. અભ્યાસના પ્રશ્નો

પ્રસ્તુત સંશોધન અભ્યાસના પ્રશ્નો નીચે મુજબ છે.

૧ . સવારે પ્રસિદ્ધ થતા અને મોડાસામાં પ્રાપ્ત થતા કેટલાક દૈનિક ગુજરાતી વર્તમાનપત્રો અને તેની પૂર્તિમાં પ્રગટ થતા શિક્ષણ વિષયક લેખો કયાં કયાં છે ?

૨ . આ શિક્ષણ વિષયક લેખોમાં શિક્ષણ અંગેની કઈ કઈ બાબતો પ્રગટ કરવામાં આવે છે ?

૩ . સવારે પ્રસિદ્ધ થતા અને મોડાસામાં પ્રાપ્ત થતા દૈનિક ગુજરાતી વર્તમાનપત્રો પૈકી ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર, ગાંધીનગર સમાચાર તથા તેની પૂર્તિમાં શિક્ષણ વિષયક લેખો કેટલા છે ?

૪ . આ વર્તમાનપત્રો પૈકી કયા વર્તમાનપત્રોમાં શિક્ષણ વિષયક લેખો વધુ જોવા મળ્યા હતા ?

૫. આ વર્તમાનપત્રો પૈકી કયા વર્તમાનપત્રોમાં શિક્ષણ વિષયક લેખો ઓછા જોવા મળ્યા હતા ?

### ૫. સંશોધનનુ ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસમાં વર્તમાનપત્રો તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક લેખોનો અભ્યાસ કરવાનો હોવાથી તત્ત્વજ્ઞાન તથા શૈક્ષણિક ટેક્નોલોજી આ અભ્યાસના ક્ષેત્રો છે.

### ૬. સંશોધન પ્રકાર

પ્રસ્તુત સંશોન અભ્યાસનો પ્રકાર ગુણાત્મક સ્વરૂપનું વિષયવસ્તુ વિશ્લેષણ છે.

### ૭.સંશોધન પદ્ધતિ

આ સંશોધન પદ્ધતિને વિશ્લેષણ ગુણાત્મક પદ્ધતિ કહેવું વધુ યોગ્ય ગણાય.

**૮.સંશોધન યોજના**

**૮.૧ વ્યાપવિશ્વ**

*પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે સવારે પ્રસિદ્ધ થતાં અને મોડાસા શહેરમાં સવારેપ્રાપ્ત થતા ગુજરાતી દૈનિક વર્તમાનપત્રોનો સમાવેશ કરેલ છે. જે આ મુજબ છે. (૧) સંદેશ (૨) ગુજરાત સમાચાર (૩) દિવ્ય ભાસ્કર (૪) જયહિન્દ (૫) જનસત્તા (૬) ગાંધીનગર સમાચાર (૭) ગુજરાત ટુડે (૮) પ્રભાત (૯)ફૂલછાબ (૧૦) ન્યૂઝ લાઈન સીધા સમાચાર. આ અભ્યાસમાં સંશોધકે આ દૈનિક ગુજરાતી વર્તમાનપત્રો અને પૂર્તિઓમાં પ્રગટ કરવામાં આવતા શિક્ષણ વિષયક લેખોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો.*

**૮.૨ નમૂના પસંદગી**

*પ્રસ્તુત અભ્યાસ માટે સંશોધક દ્વારા વ્યાપવિશ્વમાંથી તેના પ્રતિનિધિત્વરૂપ નાના ભાગને પસંદ કરવામાં આવ્યો હતો, તેને નમૂના તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. ૧. વિસ્તાર - મોડાસા શહેર, ૨. વર્તમાનપત્રોની ભાષા – ગુજરાતી, ૩. વર્તમાનપત્રો તથા તેની પૂર્તિઓ :સંદેશ, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, ગાંધીનગર સમાચાર ,૪. અભ્યાસનો સમયગાળો - ૧ ડિસેમ્બર ૨૦૧૨ થી ૩૧ ડિસેમ્બર ૨૦૧૨ સુધી એક માસ, ૫. લેખ - શિક્ષણ વિષયક લેખો.*

**૮.૩ ઉપકરણ સંરચના**

*પ્રસ્તુત સંશોધનનો પ્રકાર ગુણાત્મક છે. તેથી સંશોધક પોતાના સંશોધન કાર્ય દરમ્યાન અભ્યાસના હેતુ અનુરૂપ માહિતી એકત્ર કરવા માટે ઉપકરણ તરીકે નોંધપત્રકની રચના કરવામાં આવી હતી.*

**૮.૪ માહિતી એકત્રીકરણ**

*નમૂનામાં પસંદ પામેલા વર્તમાનપત્રો તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક લેખોમાં રજૂ થયેલી શિક્ષણ વિષયક બાબતોનું ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વિષયવસ્તુ વિશ્લેષણ પ્રકારના સંશોધનમાં માહિતી એકત્રીકરણ કરવા માટે ઉપકરણ તરીકે નોંધપત્રકની રચના કરવામાં આવી હતી.સંશોધકે નોંધપત્રકમાં તારીખ,દિવસ-વાર, વર્તમાનપત્રનું નામ, પૂર્તિનું નામ, નિયમિત કોલમનું નામ, લેખનું નામ, લેખકનું નામ, શિક્ષણ વિષયક બાબત, લેખ સારાંશ, કેન્દ્રીય વિચાર વગેરે જેવા વિભાગો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી અભ્યાસ હેઠળના લેખોમાંથી પ્રાપ્ત થનાર તમામ માહિતી નોંધપત્રકમાં સંશોધક દ્વારા નોંધવામાં આવી હતી. આ માહિતી સારણી દ્વારા વર્ગીકૃત કરવામાં આવી હતી.*

**૮.૫ વર્તમાનપત્રોમાંથી પ્રાપ્ય માહિતીનું વર્ગીકરણ**

*શૈક્ષણિક બાબતોનું વર્ગીકરણ લેખોમાંથી તારવવામાં આવેલી બાબતોને વિષયવસ્તુના સંદર્ભમાં શિક્ષણ વિષયક બાબતોને૧૩ વિભાગમાં વર્ગીકૃત કરવામાં આવી હતી જે આ મુજબ હતી:૧. શિક્ષણ સ્વરૂપ, ૨. શિક્ષણ ધ્યેયો, ૩. અભ્યાસક્રમ, ૪. શિક્ષણ પદ્ધતિ અને વ્યવસ્થા, ૫. શિક્ષક-વિદ્યાર્થી-વાલી ૬. શાળા-સંસ્થા-સમાજ, ૭. પરીક્ષા, ૮. બાળશિક્ષણ, ૯. શૈક્ષણિક કારકિર્દી અને રોજગાર, ૧૦. વિષય શિક્ષણ ૧૧. અન્ય, ૧૨. શિક્ષણ ઉત્કર્ષ, ૧૩. શિક્ષણ અને ટેક્નોલોજી.ઉપરની બાબતો અંગે તજ્જ્ઞીય અભિપ્રાય લેવામાં આવ્યા હતા.*

**૮.૬ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન**

*નમૂનામાં પસંદ પામેલા ચાર વર્તમાનપત્રો તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક લેખોમાં રજૂ થયેલ શિક્ષણ વિષયક બાબતો ગુણાત્મક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. વર્તમાનપત્રમાં શિક્ષણની બાબતને સ્પર્શતા પ્રત્યેક લેખનો લેખ સારાંશ, કેન્દ્રીય વિચાર તેમજ સમીક્ષાત્મક નોંધ તૈયાર કરી અભ્યાસન હેતુ અનુસાર માહિતીનું ગુણાત્મક પૃથક્કરણ કરી અર્થઘટન કરવામાં આવ્યું હતું.*

**૮.૭ સારાંશ પરથી કેન્દ્રીય વિચારની તારવણી**

*અભ્યાસમાં સમાવેલા શિક્ષણ વિષયક લેખોના સારાંશ પરથી તેમાં રજૂ થયેલી વિગતનો કેન્દ્રીય વિચાર તારવવામાં આવ્યો હતો. આ રીતે અભ્યાસના સમયગાળા દરમ્યાન બધા જ લેખોનો કેન્દ્રીય વિચાર તારવી નોંધપત્રકમાં નોંધ કરવામાં આવી હતી. આ અંગે તજ્જ્ઞીય અભિપ્રાય લઈ સૂચનો મુજબ ફેરફાર કરવામાં પણ આવ્યો હતો.*

### ૮.૮ લેખનો પુનઃઅભ્યાસ સારાંશ અને શિક્ષણ વિષયક બાબતોની તારવણી

*પ્રસ્તુત અભ્યાસમાં સમાવિષ્ટ શિક્ષણ વિષયક લેખોનો ઊંડાણપૂર્વક પુનઃઅભ્યાસ કરવામાં આવ્યો હતો. અભ્યાસ બાદ લેખમાંથી આવરાયેલી વિષયવસ્તુને સારાંશ રૂપે તારવવામાં આવી હતી. રજૂ થયેલી શિક્ષણ વિષયક બાબતને અલગ તારવવામાં આવી હતી. લેખમાં રજૂ થયેલી સમગ્ર વસ્તુને ધ્યાનમાં રાખીને સારાંશ તારવવામાં આવ્યો હતો. લેખની લંબાઈ તેમજ વિચાર વૈવિધ્યને ધ્યાનમાં રાખીને આશરે એક વાક્યથી લઈને આઠથી દસ વાક્યોમાં તૈયાર થયો હતો. આ સારાંશ લેખની કેન્દ્રવર્તી વિચારને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો હતો.*

*પ્રસ્તુત સંશોધનમાં વર્તમાનપત્રોમાંથી પ્રાપ્ય શૈક્ષણિક બાબતોનું વર્ગીકરણ નીચે મુજબ તેર વિભાગોમાં કરવામા આવેલ છે. જેની વિગત આ પ્રમાણે છે શિક્ષણ સ્વરૂપ, શિક્ષણ ધ્યેય,અભ્યાસક્રમ, શિક્ષણ પદ્ધતિ અને વ્યવસ્થા, શિક્ષક-વિદ્યાર્થી-વાલી, શાળા-સંસ્થા-સમાજ, પરીક્ષા,બાળ શિક્ષણ, શૈક્ષણિક કારકિર્દી અને રોજગાર, વિષય શિક્ષણ, અન્ય, શિક્ષણ ઉત્કર્ષ, શિક્ષણ અને ટેક્નોલોજી.*

### ૯. અભ્યાસનાં તારણો

*પ્રસ્તુત અભ્યાસમાં હેતુને આધારે માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરી અભ્યાસના તારણો તારવવામાં આવ્યા હતા. જે નીચે મુજબ હતા.*

### ૯.૧ વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલા લેખો અંગેના તારણો

*સવારે પ્રસિદ્ધ થતાં અને મોડાસા શહેરમાં પ્રાપ્ત થતાં ગુજરાતી દૈનિક વર્તમાનપત્રો પૈકી સંદેશ, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, ગાંધીનગર સમાચાર તથા તેની પૂર્તિમાં અભ્યાસના એક માસના સમયગાળા દરમ્યાન કુલ ૨૧૮ શિક્ષણ વિષયક લેખો પ્રાપ્ત થયા હતા.*

### ૯.૧.૧. સંદેશમાંથી પ્રાપ્ત તારણો

*પ્રસ્તુત અભ્યાસના એક માસના સમયગાળા દરમ્યાન સંદેશ વર્તમાનપત્ર તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક કુલ ૭૧ લેખો પ્રાપ્ત થયા હતા. જેને શિક્ષણ વિષયક ૧૩ બાબતોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. જેના તારણો આ મુજબ હતા. (૧) શિક્ષણ સ્વરૂપ - ૮, (૨) શિક્ષણ ધ્યેયો - ૪, (૩) અભ્યાસક્રમ- ૨, (૪) શિક્ષણ પદ્ધતિ અને વ્યવસ્થા - ૪, (૫) શિક્ષક-વિદ્યાર્થી-વાલી - ૪, (૬) શાળા-સંસ્થા-સમાજ - ૨, (૭) પરીક્ષા -૫, (૮) બાળ શિક્ષણ - ૪, (૯) શૈક્ષણિક કારકિર્દી અને રોજગાર - ૭, (૧૦) વિષય શિક્ષણ - ૯, (૧૧)અન્ય - ૬, (૧૨) શિક્ષણ ઉત્કર્ષ - ૧૧, (૧૩) શિક્ષણ અને ટેક્નોલોજી - ૫, લેખો પ્રાપ્ત થયા હતા.*

### ૯.૧.૨ .ગુજરાત સમાચારમાંથી પ્રાપ્ત તારણો

*પ્રસ્તુત અભ્યાસના એક માસના સમયગાળા દરમ્યાન ગુજરાત સમાચાર વર્તમાનપત્ર તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક કુલ ૪૬ લેખો પ્રાપ્ત થયા હતા. જેને શિક્ષણ વિષયક ૧૩ બાબતોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. જેના તારણો આ મુજબ હતા. (૧) શિક્ષણ સ્વરૂપ - ૬, (૨) શિક્ષણ ધ્યેયો - ૦, (૩) અભ્યાસક્રમ- ૪, (૪) શિક્ષણ પદ્ધતિ અને વ્યવસ્થા - ૧, (૫) શિક્ષક - વિદ્યાર્થી - વાલી - ૫, (૬) શાળા-સંસ્થા-સમાજ - ૩, (૭) પરીક્ષા - ૩, (૮) બાળશિક્ષણ - ૮, (૯) શૈક્ષણિક કારકિર્દી અને રોજગાર - ૪, (૧૦) વિષય શિક્ષણ - ૪, (૧૧) અન્ય - ૨, (૧૨) શિક્ષણ ઉત્કર્ષ - ૩, (૧૩) શિક્ષણ અને ટેક્નોલોજી - ૩, લેખો પ્રાપ્ત થયા હતા. આમ, કુલ ૧૩ શિક્ષણ વિષયક બાબતો પૈકી ૧૨ બાબતો અંગેના લેખો પ્રાપ્ત થયા હતા.જ્યારે શિક્ષણ ધ્યેય વિષયક બાબત અંગેના કોઈ લેખો પ્રાપ્ત થયા ન હતા.*

### ૯.૧.૩. દિવ્ય ભાસ્કરમાંથી પ્રાપ્ત તારણો

*પ્રસ્તુત અભ્યાસના એક માસના સમયગાળા દરમ્યાન દિવ્ય ભાસ્કર વર્તમાનપત્ર તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક કુલ ૫૭ લેખો પ્રાપ્ત થયા હતા. જેને શિક્ષણ વિષયક ૧૩ બાબતોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. જેના તારણો આ મુજબ હતા. (૧) શિક્ષણ સ્વરૂપ - ૧, (૨) શિક્ષણ ધ્યેયો - ૧, (૩) અભ્યાસક્રમ - ૧, (૪) શિક્ષણ પદ્ધતિ અને વ્યવસ્થા - ૨, (૫) શિક્ષક - વિદ્યાર્થી - વાલી - ૪, (૬) શાળા - સંસ્થા - સમાજ - ૩, (૭)પરીક્ષા - ૨, (૮) બાળશિક્ષણ - ૩, (૯) શૈક્ષણિક કારકિર્દી અને*

રોજગાર - ૧૫, (૧૦) વિષય શિક્ષણ- ૪, (૧૧) અન્ય - ૬, (૧૨) શિક્ષણ ઉત્કર્ષ - ૧૦, (૧૩) શિક્ષણ અને ટેક્નોલોજી - ૫, લેખો પ્રાપ્ત થયા હતા.

### ૯.૧.૪. ગાંધીનગર સમાચારમાંથી પ્રાપ્ત તારણો

પ્રસ્તુત અભ્યાસના એક માસના સમયગાળા દરમ્યાન ગાંધીનગર સમાચાર વર્તમાનપત્ર તથા તેની પૂર્તિમાં પ્રગટ થયેલા શિક્ષણ વિષયક કુલ ૪૪ લેખો પ્રાપ્ત થયા હતા. જેને શિક્ષણ વિષયક ૧૩ બાબતોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા હતા. જેના તારણો આ મુજબ હતા. (૧) શિક્ષણ સ્વરૂપ - ૪, (૨) શિક્ષણ ધ્યેયો - ૨, (૩) અભ્યાસક્રમ - ૧, (૪) શિક્ષણ પદ્ધતિ અને વ્યવસ્થા - ૩, (૫) શિક્ષક - વિદ્યાર્થી - વાલી - ૧, (૬) શાળા - સંસ્થા - સમાજ - ૩, (૭)પરીક્ષા - ૧, (૮) બાળશિક્ષણ - ૩, (૯) શૈક્ષણિક કારકિર્દી અને રોજગાર - ૪, (૧૦) વિષય શિક્ષણ- ૯, (૧૧) અન્ય - ૧, (૧૨) શિક્ષણ ઉત્કર્ષ - ૧૦, (૧૩) શિક્ષણ અને ટેક્નોલોજી - ૨, લેખો પ્રાપ્ત થયા હતા.

### ૯.૨ વર્તમાનપત્રો વચ્ચે શિક્ષણ વિષયક લેખો પ્રગટ કરવાના સંદર્ભમાં તફાવતના તારણો

**સારણી ૧ વર્તમાનપત્રો વચ્ચે શિક્ષણ વિષયક લેખો પ્રગટ કરવાના સંદર્ભમાં તુલના**

| ક્રમ | વર્તમાનપત્રનું નામ | શિક્ષણ વિષયક લેખોની સંખ્યા |
|---|---|---|
| પ્રથમ | સંદેશ | ૭૧ |
| દ્વિતીય | દિવ્ય ભાસ્કર | ૫૭ |
| તૃતીય | ગુજરાત સમાચાર | ૪૬ |
| ચતુર્થ | ગાંધીનગર સમાચાર | ૪૪ |

વર્તમાનપત્રો વચ્ચે શિક્ષણ વિષયક લેખો પ્રગટ કરવાના સંદર્ભમાં તુલના પ્રથમ ક્રમે સૌથી વધુસંદેશમાં ૭૧ શિક્ષણ વિષયક લેખો પ્રાપ્ત થયા હતા. સંદેશ વર્તમાનપત્ર તથા તેની પૂર્તિઓ જેવી કે અર્ધ સાપ્તાહિક, ક્રિડ્સ વર્ડસ, શ્રદ્ધા, હેલ્થ, કરિયર, નારી, સંસ્કાર,નક્ષત્ર જેવી પૂર્તિઓમાં તથા પ્રાસંગિક, કેળવણીના કિનારે, હેલ્થ પ્લસ, કવર સ્ટોરી, અલ્પવિરામ,ઓપ્સન, લક્ષ્યપ્રાપ્તિ, શબ્દસર, અંતરનો એક તાર, જીવન વીથિકા, નુસખા, નેટ-નોલેજ,જેવી નયમિત કોલમોમાં શિક્ષણ વિષયક વિવિધ પ્રકારની બાબતોના લેખો નિયમિત પણે પ્રગટ થાય છે.

બીજા ક્રમે દિવ્ય ભાસ્કરમાં કુલ ૫૭ શિક્ષણ વિષયક લેખો પ્રાપ્ત થયા હતા. દિવ્ય ભાસ્કર તથા તેની પૂર્તિઓ જેવી કે ધર્મદર્શન, Education - ભાસ્કર, બાળ ભાસ્કર, લાઈફ લાઈન,જીેહદ્ધહઅ - દર્પણ, કળશ, રવિપૂર્તિ, બિઝનેસ ભાસ્કર જેવી પૂર્તિઓમાં તથા ધબકતી માનવ જિંદગી, પ્રિન્સિપાલની કલમે, મેનેજમેન્ટ ફંડા, જીવન-દર્શન, જીવન પંથ, ગીતા દર્શન, મનોરોગ,પૂંછતા પંડિત થાય, પ્રેરણાની પહેલ, વેદ અને જીવન, માનસ દર્શન, વિચારોના વૃંદાવનમાં,શ્રીમદ્‌ ભાગવત, હેલ્થ કેપ્સુલ, સર્ફિંગ જેવી નિયમિત કોલમોમાં શિક્ષણ વિષયક વિવિધ પ્રકારની બાબતોના લેખો નિયમિત પણે પ્રગટ થાય છે.

ત્રીજા ક્રમે ગુજરાત સમાચારમાં શિક્ષણ વિષયક કુલ ૪૬ લેખો પ્રાપ્ત થયા હતા.ગુજરાત સમાચાર તથા તેની પૂર્તિઓ જેવી કે શતદલ, ધર્મલોક, જગમગ, રવિપૂર્તિ, પ્લસ, યુવા જગત,રાષ્ટ્રીય સમાચાર, ખેલ-કૂદ, યુથ જેવી પૂર્તિઓમાં તથા જાણ્યુ છતાં અજાણ્યું, ફિટનેસ, ન્યૂઝ ફોક્સ, વાર્તા, ફોટો સ્ટોરી, શોધ, વિદ્યાર્થીની ચોઈઝ જેવી નિયમિત કોલમોમાં શિક્ષણ વિષયક વિવિધ પ્રકારની બાબતોના લેખો નિયમિત પણે પ્રગટ થાય છે.

ચોથા ક્રમે ગાંધીનગર સમાચારમાં શિક્ષણ વિષયક કુલ ૪૪ લેખો પ્રાપ્ત થયા હતા.ગાંધીનગર સમાચારમાં પૂર્તિઓ પ્રગટ થતી નથી. કેટલીક નિયમિત કોલમો જેવી કે ચિંતન,લાગણીનો મેળો, ગીતા યજ્ઞમાં પૂ.ગુરૂમા સમાનંદજીની અમૃતવાણી, મારું ગુજરાત સ્વર્ણિમ-ગુજરાત, ગણિત ગમ્મત, મારું ગુજરાત... મારી ગુજરાતી... મારી વાંચનયાત્રા..., ગૌરવવંતા ગુજરાતી, હું રસ્તે રજળતી વારતા, ચિંતન અને સંશોધન, ગુર્જરી કાવ્ય નિર્ઝરા, સલામી સવારની,સુપ્રભાતમ, નવા કલેવર, જેવી નિયમિત કોલમોમાં શિક્ષણ વિષયક બાબતો નિયમિત પણે પ્રગટ થાય છે.

**૧૦.ઉપસંહાર**

*અભ્યાસમાં સમાવિષ્ટ ચાર વર્તમાનપત્રોમાંથી ગાંધીનગર સમાચાર અને ગુજરાત સમાચારમાં શિક્ષણ વિષયક લેખોની સંખ્યા ઓછી છે તેથી તેમને વધારે શિક્ષણ વિષયક લેખો પ્રગટ કરવા જોઈએ. શિક્ષણ વિષયક વધારે બાબતોને સમાવતા લેખો પ્રગટ થાય તેવા પ્રયત્નો વર્તમાનપત્રોએ કરવા જોઈએ. વર્તમાનપત્રોમાં નિયમિત પણે પ્રગટ થતી કોલમોમાં કેળવણીકારની કોલમોને અગ્રસ્થાન આપવું જોઈએ.શિક્ષણ વિષયક મૂંઝવણ અનુભવતા લોકોને માર્ગદર્શન મળી રહે તે માટે તેમના પ્રશ્નો અને માર્ગદર્શનને સમાવતી કોલમ શરૂ કરવી જોઈએ. વર્તમાપત્રો દ્વારા સર્વેક્ષણ હાથ ધરી લોકોને કેવા શિક્ષણ વિષયક લેખો પસંદ છે તથા કેવા લેખોની જરૂરિયાત છે તે જાણી તે મુજબના લેખો પ્રગટ કરવા જોઈએ. વર્તમાનપત્રોમાં શિક્ષણને લગતી નકારાત્મક બાબતોને બદલે હકારાત્મક તથા પ્રેરણાદાયી બાબતોને લગતાં લેખો પ્રગટ કરવા જોઈએ.વર્તમાનપત્રોએ સમાજ પ્રત્યેનું પોતાનું ઉત્તરદાયિત્વ સમજી તેમજ પોતાની નૈતિક ફરજ સમજી શિક્ષણ વિષયક ઉચિત લેખો પ્રગટ કરી સમાજમાં જાગૃતિ લાવવી જોઈએ. વિદ્યાર્થીઓને જીજ્ઞાસાવૃત્તિ સંતોષાય તેવા વિવિધ પ્રકારના શૈક્ષણિક લેખો વર્તમાનપત્રોમાં પ્રગટ કરવા જોઈએ.શિક્ષણના એક સાધન તરીકે વર્તમાનપત્રનો શિક્ષક-વિદ્યાર્થી અને વાલી દ્વારા ઉપયોગ થાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએ.*

**સંદર્ભસૂચિ :**


૧. ઉચાટ, ડી.એ. (૨૦૦૬). શૈક્ષણિક સંશોધનોના સારાંશ. રાજકોટઃ સૌરાષ્ઠ્ર યુનિવર્સિટી શિક્ષણશાસ્ત્ર ભવન.
૨. ઉચાટ, ડી.એ.અને અન્યો (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર. અમદાવાદઃ સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ.
૩. દલાલ, યાસીન. (૧૯૮૧). અખબારનું અવલોકન. રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પત્રકારિત્ત્વ ભવન.
૪. દેસાઈ, દિનેશ. (૨૦૧૦). ગુજરાતી દૈનિકપત્રોઃ તાસીર અને તસવીર. અમદાવાદઃગૂર્જર સાહિત્ય ભવન.
૫. પટેલ, બી.એસ. (૨૦૦૭). સંશોધનઃ સાર સંચય. મોડાસાઃ 'ઓસા' ડૉ.દાઉદભાઈ ઘાંચી શૈક્ષણિક સંશોધન કેન્દ્ર.
૬. શાહ, દીપિકા ભદ્રેશ. (૨૦૦૯). શૈક્ષણિક સંશોધન દિશા દર્શન.અમદાવાદઃ પ્રમુખ પ્રકાશન.